અપીલ અરજી નં.૩૮૬ તા.૪–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અશ્વિનભાઈ ફુલાભાઈ પટેલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી અશ્વિનભાઈ ફુલાભાઈ પટેલની તા.૨૧–૧–૧૧ની અરજીથી મુદ્દા નં.૧ **ASH-NAVAGAM-T.P.4** ના એફ.પી.નં.૮ ની આજુબાજુ તથા ગૌશાળા સર્કલ ની પાસેથી એસ.એમ.સી. ના કબ્જા પૈકીની કેટલી જગ્યા ખાલી કરાવી ઝુંપડપટ્ટીમાં મુદ્દા નં. ૨ સદરહુ ઝુંપડપટ્ટી એસ.એમ.સી. વિસ્તારના કબ્જા પૈકી કેટલી જગ્યા આપો તથા એફ.પી.–૮ પૈકી માંથી કેટલી ખાલી કરવી. મુદ્દા નં.૩ સદરહું ખાલી કરેલ જગ્યાના નકશાની (ડ્રોઈંગ) ની નકલ. મુદ્દા નં.૪ ટી.પી.–૪ ના એફ.પી. –૮ ની માપણી સીટની નકલ. આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૪–૩–૧૧ ની **SMC/FAP/** નં.૩૮૬/૨૦૧૦–૧૧.

શ્રી અશ્વિનભાઈ ફુલાભાઈ પટેલની તા.૨૧–૧–૧૧ની અરજીથી મુદ્દા નં.૧ **ASH-NAVAGAM-T.P.4** ના એફ.પી.નં.૮ ની આજુબાજુ તથા ગૌશાળા સર્કલ ની પાસેથી એસ.એમ.સી. ના કબ્જા પૈકીની કેટલી જગ્યા ખાલી કરાવી ઝુંપડપટ્ટીમાં મુદ્દા નં. ૨ સદરહુ ઝુંપડપટ્ટી એસ.એમ.સી. વિસ્તારના કબ્જા પૈકી કેટલી જગ્યા આપો તથા એફ.પી.–૮ પૈકી માંથી કેટલી ખાલી કરવી. મુદ્દા નં.૩ સદરહું ખાલી કરેલ જગ્યાના નકશાની (ડ્રોઈંગ) ની નકલ. મુદ્દા નં.૪ ટી.પી.–૪ ના એફ.પી. –૮ ની માપણી સીટની નકલ. આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન)ના પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ/૬૮૮ તા.૧૯–૨–૧૧ થી આપેલ માહિતી ખોટી અને પાયા વિહોણી હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે પાર્ટ પ્લાનમાં માપ સમાવિષ્ટ થાય છે કે કેમ? માપણી સીટ દફતરે ઉપલબ્ધ છે કે કેમ? ન હોય તો વાજબીપણું જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૧૮ તા.૧૫–૩–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં મુદ્દા નં.૨ અને ૩ મુજબ જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવનુસાર વિગતો મેળવેલ છે કે કેમ? તે વિના અપીલ માટેનું વાજબીપણું તથા ખોટી માહિતીના દાવાના આધાર રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૧૯–૩–૧૧ નો પત્ર તથા નવા ગામ ટીપી નં.૪ એફ પી. ૮ ના પાર્ટ નકશાની નકલ, મુળ અરજીની નકલ તથા જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી અંગેના પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૬૮૮ તા.૧૯–૨–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૧–૧–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૬૮૮ તા.૧૯–૨–૧૧ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ. જે બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં સદર પત્રથી મળેલી માહિતિથી નારાજ થઈ અરજદારને તા.૪–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં.૧ અને ૨ મુદ્દા નં.૧ **ASH-NAVAGAM-T.P.4** ના એફ.પી.નં.૮ ની આજુબાજુ તથા ગૌશાળા સર્કલ ની પાસેથી એસ.એમ.સી. ના કબ્જા પૈકીની કેટલી જગ્યા ખાલી કરાવી ઝુંપડપટ્ટીમાં મુદ્દા નં. ૨ સદરહુ ઝુંપડપટ્ટી એસ.એમ.સી. વિસ્તારના કબ્જા પૈકી કેટલી જગ્યા આપો તથા એફ.પી.–૮ પૈકી માંથી કેટલી ખાલી કરવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્રશ્ન નં.૧ અને ૨ ની સંયુકત માહિતી **ASH-NAVAGAM-T.P.4** ના એફ.પી.નં.૮ ની આજુબાજુ તથા ગૌશાળા સર્કલની બાજુની જગ્યામાંથી ઝુંપડા દુર કરાવી ફા.પ્લોટ નં.૮ ની ૧૧૫૦ ચો.મી. જગ્યા ખુલ્લી કરવામાં આવી છે. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે અપીલમાં આપેલ માહિતી ખોટી હોવાની રજૂઆત કરેલ છે. જયારે તેમાં મુદ્દા નં.૨ માં માહિતી આપેલ નથી તેવી રજૂઆત કરેલ છે. તથા અરજદારના મુદ્દા નં.૧ અને ૨ના અપીલના વાજબીપણા અંગે પણ અરજદારે એફપી ૮ ની કુલ ૧૧૫૦ ચો.મી. જગ્યા ખાલી કરાવવામાં આવેલ છે એફ પી/૮ નો કુલ વિસ્તાર ૧૧૫૦ ચો.મી. છે જેથી માહિતી ખોટી હોવાનો દાવો કરેલ છે. જાહેર માહિતી અધિકારીએ અરજદારના પ્રશ્ન નં.૧ અને ૨ની સંયુકત માહિતી આપેલ છે. અને તેનો કુલ ખાલી કર્યાનો વિસ્તાર જણાવેલ છે. તેમાં સ્પષ્ટ જણાવેલ છે કે પ્લોટ નં.૮ ની આજુ બાજુ તથા ગૌશાળા સર્કલની બાજુની જગ્યામાંથી ઝુંપડા દુર કરાવી ફા. પ્લોટ નં.૮ ની ૧૧૫૦ જગ્યા ખુલ્લી કરવામાં આવી છે. તેવું જણાવેલ છે. તેમ છતાં અરજદારની જગ્યાના તકરાર નિવારણના પ્રશ્ન બાબતે સક્ષમ સત્તાને રજૂઆત કરી શકે છે. મુદ્દા નં.૩ સદરહું ખાલી કરેલ જગ્યાના નકશાની (ડ્રોઈંગ) ની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી

તરફથી સદરહુ ફા.પ્લોટ નં.૮ ના નકશાનો સ્કેલ મુજબ પાર્ટ પ્લાનની નકલ મેળવવા વરાછાઝોન કચેરીએ રૂા.૫૦૦/– ભરપાઈ કર્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. જેમાં અરજદારે અપીલમાં જાહેર માહિતી અધિકારીએ માહિતી આપેલ નથી પરંતુ એફ પી ૮ નો પાર્ટ પ્લાન મેળવવા જણાવેલ છે. અરજદારે તેમની મુળ અરજીમાં ખાલી કરેલ જગ્યાને નકશાની નકલ માંગેલ છે અને જે જાહેર માહિતી અધિકારીએ રૂા.૫૦૦/– ભરપાઈ કરીને મેળવવા જણાવેલ છે. મુદ્દા નં.૪ ટી.પી.–૪ ના એફ.પી. –૮ ની માપણી સીટની નકલ આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પાર્ટ પ્લાનની નકલ આપી શકાય જે ઉપર મુજબની રકમ ભર્યેથી આપવામાં આવશે. જેમાં અરજદારે એફ પી ૮ ના માપણી નકશાની નકલની માંગણી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીના દફતરી ઉપલબ્ધ મુજબ પાર્ટ પ્લાનની નકલ મુદ્દા નં.૩ માં જણાવેલ રકમ ભરપાઈ કર્યેથી આપી શકાય . પૂરક વિગતોમાં પ્લાનની નકલમાં ખાલી કરાવેલ જગ્યા ઝુંપડપટ્ટી પૈકીનો કોઈ પણ જાતનો ઉલ્લેખ મળેલ નથી તેવું અરજદારે જણાવેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર પાર્ટ પ્લાનની નકલ નિયત ફી ભરી મેળવેલ છે કે કેમ? તે અંગે કોઈ પ્રકાશ પાડેલ નથી જે સૂચવે છે કે જાહેર માહિતી અધિકારીએ ઉપલબ્ધ માહિતી આપવા કરેલ પ્રસ્તાવનો સ્વીકાર કર્યા વિના અરજદારે અનુમાન આધારિત અપીલ કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧–૧–૧૦ ની અરજીથી માંગેલ માહિતી બાબતે મુદ્દા નં.૧ અને ૨ અંગે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ હોઈ તેમજ મુદ્દા નં.૩ અને ૪ પૈકી ઉપલબ્ધ પાર્ટ પ્લાનની નકલ નિયત ફી ભરી મેળવવા પ્રસ્તાવ કરેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સંપર્ક કરી કચેરી કામકાજ દરમ્યાન બાબત હેઠળના દફતરની તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં નિયત ફી ભરપાઈ કરી મેળવી શકે છે. અરજદારની તેવી માંગણી થયે હુકમની અમલવારી માટે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન) ,....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી અશ્વિનભાઈ ફુલાભાઈ પટેલ,